# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-06-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) ⊠ાજ્યભરમાં આજે ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેની મતગણતરી હાથ ધરાઈ.

2) રાજ્ય સહિત દેશભરમાં આજે સંવિધાન હત્યા દિવસ મનાવાયો.

3) અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની નેત્રોત્સવ વિધિ સંપન્ન, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રથયાત્રાના સમગ્ર માર્ગનું નિરીક્ષણ કર્યું.

4) દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર યથાવત્ – સૌથી વધુ છ ઈંચ વરસાદ નર્મદાના સાગબારા તાલુકામાં.

5) ભરૂચમાં યોજાયેલી તલવારબાજી સ્પર્ધામાં ગાંધીનગરના ત્રણ ખેલાડીએ બે રજત અને એક કાંસ્ય ચંદ્રક જીત્યો.

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GRAM PANCHAYAT RESULT

રાજ્યભરમાં 22 જૂને યોજાયેલી ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા-ચૂંટણીઓ માટેનું આજે પરિણામ જાહેર કરાયું.

જામનગરમાં આજે 181 ગ્રામ પંચાયતની ચૂંટણીનું પરિણામ જાહેર થયું. તેમાંથી 728 ઉમેદવાર મેદાનમાં હતા. 77.28 ટકા મતદાન થયું હતું. આજે જામનગર જિલ્લાના અલગ અલગ છ જગ્યાએ મતગણતરી હાથ ધરાઈ.

સાબરકાંઠામાં કુલ 238 ગ્રામ પંચાયત માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપૂર્ણ માહોલમાં મતગણતરી કરવામાં આવી.

બનાસકાંઠામાં 14 તાલુકાના 14 કેન્દ્ર પર મતગણતરી હાથ ધરાઈ. જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર મિહિર પટેલે દાંતા મત ગણતરી કેન્દ્રની મુલાકાત લઈ તપાસ કરી હતી.

. . . . . . . . . . . .

# SAMVIDHAN HATYA DIVAS CM

રાજ્ય સહિત સમગ્ર દેશમાં આજે સંવિધાન હત્યા દિવસ મનાવાયો. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં વર્ષ 1975માં કટોકટીની ઘોષણાના 50 વર્ષ પૂર્ણતા નિમિત્તે “સંવિધાન હત્યા દિવસ 2025” કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું, દેશમાં ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે માટે લોકોને જાગૃત કરવા આ દિવસ મનાવાયો. શ્રી પટેલે કટોકટીના નિર્ણયને લોકશાહીના મૂલ્યો પર પ્રહાર ગણાવ્યો.

(બાઈટ –ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

. . . . . . . . . . .

# SAMVIDHAN HATYA DIVAS DISTRICT

સંવિધાન હત્યા દિવસ નિમિત્તે આજે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા.

ભાવનગરમાં ધારાસભ્ય જિતુ વાઘાણીની અધ્યક્ષતામાં સંવિધાન હત્યા દિવસ મનાવાયો. દરમિયાન કટોકટી સમયે જેલવાસ ભોગવનારા લોકોનું સન્માન કરાયું.

જામનગરમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતીમાં યોજાયેલા કાર્યક્રમમાં કટોકટી સમયની વાસ્તવિકતા નાગરીકો સમક્ષ રજૂ કરવામાં આવી.

સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો.

પોરબંદરના બિરલા હૉલ ખાતે પ્રભારી મંત્રી કુંવરજી બાવળિયાની ઉપસ્થિતિમાં સંવિધાન હત્યા દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો.

નવસારી ખાતે આ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ધારાસભ્ય રાકેશ દેસાઈ તથા ગણદેવીના ધારાસભ્ય નરેશ પટેલે પણ બંધારણના મહત્વ અંગે લોકોને જાગૃત થવા આહ્વાન કર્યું. મહુવા અને વ્યારાના ધારાસભ્યની ઉપસ્થિતિમાં તાપીના વ્યારા ખાતે પણ કાર્યક્રમ યોજાયો.

ભરૂચના સાંસદ મનસુખ વસાવાની અધ્યક્ષતામાં 'સંવિધાન હત્યા દિવસ ' નિમિત્તે કાર્યક્રમ યોજાયો. ગીરસોમનાથના વેરાવળમાં આ દિવસ નિમિત્તે કલેક્ટર સહિતના મહાનુભાવોએ બંધારણ અને કટોકટીની સમયરેખાનું પ્રદર્શન નિહાળ્યું.

અમરેલીમાં ઈફ્કોના અધ્યક્ષ દિલિપ સાંઘાણીની અધ્યક્ષતામાં યોજાયેલા સ્મરણ કાર્યક્રમમાં મીસાવાસીઓનું સન્માન કરાયું

. . . . . . . . . . . . .

# VIDYARTHI NIRNAY

રાજ્યમાં ખાનગી ક્ષેત્રની સંસ્થાઓમાં મૅડિકલ , ઇજનૅરી તેમજ અન્ય અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા આદિજાતિ વિદ્યાર્થીઓની નિયત ટ્યૂશન ફી સિવાયની રકમ હવે રાજ્ય સરકાર ચૂકવશે. સત્તાવાર યાદી મુજબ , આદિજાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દીને ધ્યાને રાખી પ્રવેશ પ્રકિયા શરૂ થાય તે પહેલા પૉસ્ટમૅટ્રિક શિષ્યવૃત્તિ યોજનાના નિયમોમાં ફેરફાર કરાયા.

ઉપરાંત પ્રૉફેશનલ અભ્યાસક્રમોમાં આ વર્ષથી સરકારી ક્વૉટા માટે નિયત કરાયેલી બેઠકની ટકાવારીની મર્યાદામાં મેરિટોરિયસ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળશે. જ્યારે શૈક્ષણિક વર્ષ 2024-25માં કે તે પહેલા શિષ્યવૃત્તિનો લાભ મેળવેલા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી જે-તે સમયની માર્ગદર્શિકા મુજબ લાભ અપાશે. તો નૅક ઍક્રિડિટેશન મેળવ્યું ન હોય તેવી ખાનગી વિશ્વ-વિદ્યાલયમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ પણ આ શૈક્ષણિક વર્ષ માટેની શિષ્યવૃત્તિને પાત્ર રહેશે.

. . . . . . . . . . . . .

# RATHYATRA NETROTSAV

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા પહેલા આજે તેમની નેત્રોત્સવ વિધિ સંપન્ન થઈ. જગન્નાથજી મોસાળથી પરત આવતાં તેમને ગર્ભગૃહમાં રત્નવેદી ઉપર ફરી પ્રતિષ્ઠિત કરાયાં. ત્યારબાદ વૈદિક મંત્રોચ્ચાર સાથે તેમની આંખે પાટા બાંધવાની વિધિ કરવામાં આવી.

લોકવાયકા મુજબ , મામાના ઘરેથી પરત ફરતી વખતે ભગવાનને આંખો આવી ગઈ હતી , જેના નિવારણરૂપે આ નેત્રોત્સવ વિધિ કરાય છે. મંદિરના મહંત દિલિપદાસજી મહારાજે વધુ માહિતી આપી.

(બાઈટઃ દિલિપદાસજી મહારાજ, મહંત, જગન્નાથ મંદિર)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SANGHAVI NIRIKSHAN RATHYATRA

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે અમદાવાદમાં યોજાનારી રથયાત્રાના સમગ્ર માર્ગનું નિરીક્ષણ કર્યું. તેમજ સુરક્ષા-વ્યવસ્થાની સમીક્ષા કરી. રથયાત્રાની સુરક્ષામાં I.G. કક્ષાના અધિકારીઓથી લઈ કૉન્સ્ટેબલ સુધીના તમામ વર્ગના 23 હજાર 884 જેટલા પોલીસકર્મી બંદોબસ્તમાં જોડાયા હોવાનું શ્રી સંઘવીએ જણાવ્યું.

તેમણે કહ્યું , ભીડ વ્યવસ્થાપન માટે કૃત્રિમ બુદ્ધિમત્તા A.I. ટેક્નોલૉજીનો ઉપયોગ દેશમાં પહેલી વાર અમદાવાદની રથયાત્રામાં કરાશે. તેમજ ભક્તો સરળતાથી ભગવાન જગન્નાથજીના દર્શન કરી શકે તે માટે આધુનિક ટેક્નોલૉજીની મદદ લેવાય છે.

(બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

. . . . . . . . . . . . . .

# STATE RAIN

દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર યથાવત્ છે. રાજ્યમાં આજે સવારે છ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધીમાં 98 તાલુકામાં વરસાદ વરસ્યો. સૌથી વધુ છ ઈંચ જેટલો વરસાદ નર્મદાના સાગબારા અને સુરતના ઉમરપાડા તાલુકામાં નોંધાયો. જ્યારે તાપીના કુકરમુન્ડા, નર્મદાના દેડિયાપાડા , મહીસાગરના લુણાવાડા , તાપીના વ્યારા , ડાંગના વઘઈ, પંચમહાલના કાલોલ, છોટા ઉદેપુરના બોડેલી , પંચમહાલના જાંબુઘોડામાં અઢી ઈંચથી વધુ વરસાદ થયાના અહેવાલ છે.

બીજી તરફ, સુરતમાં સતત ત્રીજા દિવસે વરસાદી માહોલ યથાવત્ જોવા મળ્યો. સીમાડા ખાડી ઑવરફ્લૉ થતાં આસપાસની સોસાયટીમાં પાણી ફરી વળ્યા. લોકોના ઘરમાં 24 કલાક કરતા પણ વધુ સમયથી વરસાદી પાણી ભરાયા છે. મેયર દક્ષેશ માવાણીએ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ પાણીના નિકાલ બાદ તાત્કાલિક અસરથી સફાઈ કરવા અને દવાનો છંટકાવ માટે આદેશ આપ્યો હતો.

તાપીના કુકરમુન્ડા તાલુકાના કેવડામોઈ , ફૂલવાડી અને ઈટવાઈ સહિતના વિસ્તારોમાં આવેલા માર્ગ પર વરસાદી પાણી ભરાતા છ જેટલા ગામના લોકોને અસર થઈ છે. જ્યારે વરસાદના કારણે નદીઓ બે કાંઠે વહેતી થઈ છે.

મહીસાગરમાં નદી-નાળામાં નવા નીરની આવક થઈ રહી છે. લુણાવાડા નગરને પીવાનું પાણી પૂરું પાડતી પાનમ નદીમાં નવા નીર આવતાં તે બે કાંઠે વહેતી થઈ છે. ઉપરાંત ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ , વીરપુરના ખરોડ ગામમાં વીજળી પડતાં નુકસાન પહોંચ્યું છે.

તો ભરૂચના ગૉલ્ડન બ્રિજ ખાતે નર્મદા નદીની સપાટીમાં આંશિક વધારો થતાં તે 16 ફૂટે વહી રહી છે.

. . . . . . . . . . . . . .

# RAIN OVERALL

સુરેન્દ્રનગરમાં અત્યાર સુધીમાં સાર્વત્રિક 10 ઇંચ જેટલો વરસાદ વરસ્યો. ઝાલાવાડના 11માંથી 6 બંધમાં નવા નીર આવ્યા છે . તેમજ અત્યાર સુધીમાં બે લાખ 14 હજાર 977 હેક્ટરમાં ખરીફ વાવેતર થયું.

તાપીમાં સોનગઢનો વિયર બંધ આ મોસમમાં પહેલીવાર ઓવેરફ્લો થતાં પાણી 405 ફૂટથી ઉપર વહી રહ્યું છે , જેથી બંધ સાથે જોડતા 12 જેટલા ગામને સાવચેત કરાયા. જ્યારે ઉકાઈ બંધના ઉપરવાસમાંથી 65 હજારથી વધુ પાણીની આવક થતાં હાલ બંધની સપાટી 316 ફૂટથી વધુ નોંધાઈ છે.

નર્મદાના નાંદોદ તાલુકામાં ગત 24 કલાકમાં સૌથી વધુ આઠ ઇંચ જેટલો વરસાદ વરસ્યો.

. . . . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. દરમિયાન હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

અરવલ્લી, મહીસાગર , દાહોદ અને છોટાઉદેપુરમાં છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદને લઈ આવતીકાલ માટે ઑરેન્જ અલર્ટ અપાયું. જ્યારે સાબરકાંઠા, પંચમહાલ, નર્મદા, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલી, અમરેલી અને ભાવનગરમાં હળવા વરસાદને લઈને યલો એલર્ટ રહેશે તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(બાઈટઃ ડૉક્ટર એ. કે. દાસ, નિયામક, હવામાન ખાતા)

. . . . . . . . . . .

# TALVARBAJI SILVER MEDAL

ભરૂચમાં યોજાયેલી રાજ્યકક્ષાની તલવારબાજી સ્પર્ધામાં ગાંધીનગરના હયાન વિપુલભાઈ ચૌહાણે રજત ચંદ્રક જીત્યો. સત્તાવાર યાદી મુજબ , ભરૂચમાં ચાઈલ્ડ અંડર-10 અને મિની અંડર-12 રાજ્ય સ્પર્ધામાં 10 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં હયાને આ સિદ્ધિ મેળવી. સ્પર્ધામાં રાજ્યભરના ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ઉપરાંત સુગનાબા રાઠોડે ફેન્સિંગ ફોઈલ ગર્લ્સ ઈન્ડિ-વિજ્યુઅલ શ્રેણીમાં રજત અને પરિણિતી ડોડિયારે ફેન્સિંગ સેબર ગર્લ્સ ઈન્ડિ-વિજ્યુઅલ શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો. આ ત્રણેય ખેલાડી ગાંધીનગરની જે. એ. ચૌધરી શાળાના છે. ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા હવે તેઓ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે મહારાષ્ટ્ર જશે.

. . . . . . . . . . . . . .

# GNR BOND

ગાંધીનગર મહાનગરપાલિકા મ્યુનિસિપલ બૉન્ડ ઈશ્યુ લાવનારી રાજ્યની પાંચમી મહાનગરપાલિકા બની. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે બૅલ રિન્ગિંગ સેરેમનીથી ગાંધીનગર મહાનગરપાલિકાના 25 કરોડ રૂપિયાની બૉન્ડનું નૅશનલ સ્ટૉક ઍક્સચેન્જ - N.S.E.માં લિસ્ટિંગ કરાવ્યું. આ અંગે મહાનગરપાલિકાના કમિશનર જે. એન. વાઘેલાએ માહિતી આપી.

(બાઈટ- જે. એન. વાઘેલા, મ્યુનિ. કમિશનર, ગાંધીનગર મહાપાલિકા)

મ્યુનિસિપલ બૉન્ડ મેળવનારી ગાંધીનગર મહાનગરપાલિકા દેશની પ્રથમ 20 મહાનગરપાલિકા પૈકી એક હોવાથી ભારત સરકાર દ્વારા પ્રોત્સાહન તરીકે આ મહાનગરપાલિકાને અંદાજે ત્રણ કરોડ 25 લાખ રૂપિયાની વ્યાજ સબસિડી મળશે તેમ N.S.E.ના ચીફ બિઝનેસ ડેવલપમૅન્ટ ઑફિસર શ્રીરામકૃષ્ણને જણાવ્યું.

. . . . . . . . . . . . .